# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - વાશિષ્ટ અત્રિ શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૩

તારીખ : ૦૧-૦૨-૨૦૨૩
વાર : બુધવાર

ધોરણ : ૧૧ વિષય : અર્થશાસ્ત્ર

કુલ ગુણ : ૫૦
સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A

★ નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) 8

(1) 'Principles of Economics' પુસ્તક કોણે લખ્યું ?
(A) એડમ સ્મિથ (B) માર્શલ (C) રોબિન્સ (D) કેમ્યુઅલસન

(2) માનવ જીવન માટે વસ્તુ કેટલું ઉપયોગી છે તે બાબત વસ્તુનું કયું મૂલ્ય દર્શાવે છે ?
(A) વિનિમય-મૂલ્ય (B) ઉપયોગિતા મૂલ્ય (C) વપરાશ-મૂલ્ય (D) આંતરિક મૂલ્ય

(3) સમાનગુણી વસ્તુઓ કયા બજારનું લક્ષણ છે ?
(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) તીવ્ર હરીફાઈ

(4) ભારતમાં કેવા પ્રકારની બેકારી જોવા મળે છે ?
(A) ચક્રીય (B) માળખાગત (C) નિરપેક્ષ (D) સાપેક્ષ

(5) નીચેનામાંથી કયો ઉદ્યોગ જાહેરક્ષેત્ર માટે હવે અનામત છે ?
(A) ખાતર (B) ટેલિવિઝન (C) મોટરકાર (D) રેલવે

(6) આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય ?
(A) ખાનગીકરણ (B) ઉદારીકરણ (C) આયાત અવેજીકરણ (D) વૈશ્વિકીકરણ

(7) રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સરકારના કયા ખર્ચાઓ ગણાતા નથી ?
(A) ઉત્પાદક (B) બદલા-ચુકવણી (C) શ્રમિકોનું વેતન (D) સંરક્ષણ ખર્ચ

(8) NDP ની ગણતરીમાં GDP માંથી શું બાદ કરવામાં આવે છે ?
(A) ઘસારો (B) વિદેશમાંથી મળેલ ચોખ્ખી આવક
(C) પરોક્ષવેરા (D) સબસીડી

### વિભાગ - B

★ નીચેના પ્રશ્નોના જવાબ એક - બે વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ) 8

(9) વૃતાંશ આકૃતિ એટલે શું ?
(10) ગીફન વસ્તુ એટલે શું ?
(11) કઈ સંપતિ વ્યક્તિગત સંપતિ ગણાય છે ?
(12) બજારનો સામાન્ય અર્થ આપો.
(13) માનવ વિકાસ અહેવાલની રચના કોણ કરે છે ?
(14) FDI નું પુરું નામ આપો.
(15) ઉદારીકરણનો અર્થ આપો.
(16) માથાદીઠ આવક જાણવાનું સૂત્ર આપો.

Master Classes Chirag Prajapati 9824149446



[P.T.O.]

## વિભાગ - C

★ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (પ્રત્યેકના 2 ગુણ) 12

(17) ટકાઉ વસ્તુઓનો અર્થ ઉદાહરણ સાથે સમજાવો.

(18) અવેજી અસર એટલે શું ?

(19) ભારત ખેતીપ્રધાન દેશ છે - વિધાન સમજાવો.

(20) MRTP એક્ટનું પુરું નામ આપો આ કાયદો શા માટે ઘડાયો ?

<u>અથવા</u>

વિદેશી સંસ્થાકીય મુડીરોકણ સમજાવો.

(21) તફાવત આપો - અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લું અર્થતંત્ર

(22) GDP અને NDP નું પુરું નામ જણાવો.

## વિભાગ - D

★ નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ) 12

(23) પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે, કારણો આપી સમજાવો.

(24) લાંબા ગાળે બધા ખર્ચાઓ અસ્થિર બની જાય છે - સમજાવો.

(25) કિંમત ભેદભાવનો અર્થ સમજાવો.

<u>અથવા</u>

(25) પૂર્ણ હરિફાઈવાળા બજારના ત્રણ લક્ષણો સમજાવો.

(26) ભારતમાં પાયાની સુવિધાઓ વર્ણવો.

<u>અથવા</u>

(26) સ્વાતંત્ર્ય પૂર્વના ભારતીય અર્થતંત્રની સમજૂતી આપો.

## વિભાગ - E

★ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (પ્રત્યેકના 5 ગુણ) 10

(27) વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની પ્રક્રિયા સમજાવો.

<u>અથવા</u>

(27) ઉદારીકરણનો અર્થ આપી તેની પ્રક્રિયા સમજાવો.

(28) અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

●●●●●

Master Classes Chirag Prajapati 98241 49446